રજુ તારીખ : ૦૮/૧૦/૨૦૨૨
દાખલ તારીખ : ૦૮/૧૦/૨૦૨૨
નિકાલ તારીખ : ૧૧/૦૨/૨૦૨૩
સમયગાળો :

**મે.બોડેલીના એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ. બોડેલી.**

**ફોજદારી મુકદૃમા નંબર :૧૨૦૫/૨૦૨૨**
**આંક :**

**ફરીયાદી** : શ્રી સરકાર

**વિરૃઘ્ધ**

**આરોપી** : સંજયભાઈ માનસીંગભાઈ બારીયા
રહે. જેશીંગપુરા ,
તા. બોડેલી , જી.છોટાઉદેપુર

ફરીયાદ પક્ષ તરફે વિ.એપીપીશ્રી, વાય. આર. દરજી
આરોપી તરફે વિ.વકીલશ્રી,

**ગુનો :** પ્રોહી એકટની કલમ–૬૬ (૧) બી

**: ચુ કા દો :**

**૧.** ફરીયાદની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા. ૦૪/૦૧/૨૦૨૨ ના કલાક ૧૮ : ૩૦ વાગ્યે મોજે અલીખેરવા ગામ પાસે આવતા જાહેરમા વગર પાસ પરમીટે કેફી પીણાનો નશો કરેલી હાલતમા મળી આવી પ્રોહી એકટની કલમ–૬૬ (૧) બી મુજબનો ગુનો કરેલ છે.

**૨.** આરોપી સામે ચાર્જશીટ રજુ થતાં અને આરોપી આજરોજ રૃબરૃ નામ.કોર્ટ સમક્ષ હાજર રહેતાં તેની સામે આક્ષેપાયેલ ગુનો કબુલ કરવા માગતો હોય અને તે અંગેની પુરસીસ રજુ કરી તથા આરોપીને આક્ષેપિત ગુના અંગે સમજ કરવામાં આવેલ અને આરોપીએ કોઈપણ જાતનાં દબાણ વગર સ્વેચ્છાએ ગુનો કબુલ કરતા હોવાનું જણાવેલ અને આરોપીની પ્લી રેકોર્ડ કરતાં તેમાં

પણ આરોપીએ ગુનો કબુલ કરતો હોવાનું જણાવેલ છે. આમ, આરોપી તેની સામેનાં ગુનાની સ્વૈચ્છિક કબુલાત કરતો હોય અને તે અંગે લેખિત કબુલાત પુરસીસ રજુ કરેલ છે તેમજ પોતાની કબુલાત પુરસીસમાં જણાવે છે કે, તેનો પ્રથમ ગુનો છે, ગુના બદલ પસ્તાવો વ્યકત કરે છે અને હવે પછી આ પ્રકારનો ગુનો નહીં બને તેની તકેદારી રાખશે અને તેઓ ગરીબ વર્ગનાં માણસ છે, તેઓને તેઓનો ગુનો કબુલ છે અને તેઓની ઉપર રહેમ રાખવા વિનંતી કરેલ છે. આમ આરોપી પોતાની સામેનો ગુનો સ્વૈચ્છિક કબુલ કરતો હોય આરોપીની સ્વૈચ્છિક કબુલાતનો સ્વીકાર કરી, કેસની હકીકતો અને સંજોગોને ધ્યાને રાખી સદરહુ ગુનામાં તકસીરવાન ઠરાવી ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**: હુ ક મ :**

– આ કામનાં આરોપી સંજયભાઈ માનસીંગભાઈ બારીયા રહે. જેશીંગપુરા ,તા. બોડેલી , જી.છોટાઉદેપુર ને પ્રોહી એકટની કલમ ૬૬ (૧) બી મુજબના ગુનામા તકસીરવાન ઠરાવી રૂા.૫૦૦/– (અંકે રૂપિયા પાંચ સો પુરા)નો દંડ અને જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન–ર ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.**૧૧** માહે **ફેબ્રુઆરી** સને **૨૦૨૩** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૧ /૦૨/૨૦૨૩
બોડેલી

**(ભદ્રેશકુમાર ગોવિંદભાઈ પટેલ )**
**કોડ નં.જીજે ૦૬૫૮**
**એડી.ચીફ.જયુડી.મેજીસ્ટ્રેટ,**
**બોડેલી.**